# સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
ફોન : ૨૩૨૨૬૨૫૧

**સલામી સવારની..**

બાગ-બગીચા-રસ્તા સાચવી નથી શકતા!
કોઇ સ્થાવર મિલ્કતો સાચવી નથી શકતા!
બજાવી નથી શકતા ફર્જ કર્તવ્ય-નિષ્ઠાથી -
'લગ્નવાડી'નો ય સંબંધ સાચવી નથી શકતા!
(ખાનગી પેઢીનું રાજ)

**હાઇકુ**

બોલે ને બાફે!
ચઢ્યા 'ટોયલેટ' ફાંફે -
સૌ કોઇ લાફે..
(જયરામ રમેશ)

નડશે હવે
રાષ્ટ્રીય કોંગ્રેસ ને
દસમો ગ્રહ..
(રોબર્ટ વાડ્રા)

## ચિંતન

**અફલાનિ દુરન્તાનિ સમવ્યય ફલાનિ ચ ।**
**અશક્યાનિ ચ વસ્તૂનિ નારમેત વિચક્ષણ ॥**

જે ક્રિયાઓ ફળ વિનાની હોય અર્થાત જે કાર્ય-પરિશ્રમનું પરિણામ ન મળે, જેને સિધ્ધ કરવા કઠિન સાધના કર્યા પછી પણ સફળતા ન મળે એવી સાધના કે તપ ડાહ્યા માણસો કરતા નથી.

ઘણીવાર ટ્રેનમાં, ટોળામાં, મહેમાનો-મિત્રવર્તુળમાં, ફોનમાં આપણે નિરર્થક-પરિણામ વિહોણી-સંદર્ભ વગરની વાતો કર્યા જ કરીએ છીએ. અરે, જે કામ - સ્વાર્થ માટે સ્નેહી સંબંધીને ફોન કર્યો હોય તે વાત 'અંત' સુધી કહેવાને બદલે આપણે શરૂઆત આડી-અવળી વાતોથી કરીએ છીએ. જેથી 'ખબર ન પડી જાય' કે આપણે ફોન શું કામે કર્યો છે!! જીવનમાં આપણે અર્થ વગરની અને જેનું પરિણામ શૂન્ય હોય એવી ઘણી ક્રિયાઓ કરતાં હોઇએ છીએ. ટીવી, વિડીયો-અર્થ વગરનું લેખન-વાચન જે જીવનના હેતુ-સિધ્ધિ માટે જ કંઇ જ ઉપયોગી નથી તે કરવાનો શું અર્થ? જીવન હેતુલક્ષી છે અને જે કંઇ પણ ક્રિયા કરવી પડે એ જીવનપયોગી હોય તે જ કરવી, જે સિધ્ધિલક્ષી હોવી જરૂરી છે.

ધ્યાન-તપ-તપશ્ચર્યા-જાપ-પૂજા-પાઠ પણ જો સિધ્ધિદાયક ન બને તો તેનો કોઇ મતલબ રહેતો નથી. ડાહ્યા-બુધ્ધિમાન લોકો એથી જ ખોટી સભાઓ-મિટીંગો-ચર્ચાઓમાં ભાગ લેતા નથી.

## સુવિચાર

- રૂપના સૌંદર્ય કરતાં મનમાં રહેલું સ્વચ્છતાનું સૌંદર્ય અનેક ગણુ તેજસ્વી છે- **એહન્ટ**
- મન કાચંડા જેવું છે તે વારંવાર પરિસ્થિતિ પ્રમાણે રંગ બદલતું રહે છે એક જ રંગે રંગાયેલું મન તો કોઇ વિરલ જ હોય છે - **કબીર**
- મન મશીન જેવું છે, તેને સદાય હકારાત્મક, સદ્‌વિચારોનું તેલ ઉંજતા રહો, જેથી તેને કુવિચારોનો કાટ લાગે નહીં - **પાંડુરંગ આઠવલે**
- **કામ સ્ફૂર્તિ અને રસથી કરીએ તો થાક ન લાગે, કંટાળાથી કરીએ તો થાકી જવાય, શરીરમાં તાકાત તો છે જ, મનની તાકાતનું મહત્ત્વ છે - ફાધર વાલેસ**
- શબ્દમાં શક્તિ અને મનમાં ભક્તિ રાખો - **માતાજી**
- **માણસ મનને મળેલી વસ્તુ પ્રત્યે આકર્ષણ નથી રહેતું પણ અપ્રાપ્ય વસ્તુની તેને અદમ્ય ઝંખના રહે છે - એસ. ભટાચાર્ય**
- મન ચંગા તો કથરોટમાં ગંગા - **કહેવત**

## બોધ કથા

શ્રી કેદારનાથ કુલકર્ણી લોકો એમને 'નાથજી' કે 'કેદારનાથ'થી ઓળખે છે, વ્યવહાર શુધ્ધિ આંદોલનના એ પ્રવર્તક. મહારાષ્ટ્રના કોલાબા જિલ્લાના પાલી ગામમાં ૧૮૮૩માં એમનો જન્મ.

**બચપણથી એમને સમાજસેવા અને રાષ્ટ્રભક્તિની લગની હતી. દેશને કેમ ઉપયોગી** થઇ શકાય એનો જ સતત વિચાર કરતા હતા.

વિચારતાં ભક્તિ અને યોગ સાધના દ્વારા સમાજોપયોગી થઇ શકાય એવો માર્ગ વિચાર્યો અને 'યોગ'માં આગળ વધ્યા. યોગ સાધના પૂર્ણ થઇ. ગુરૂજી પાસે, એકવાર હિમાલયમાં એકાતમાં બેઠા હતા ત્યાં ફરી રાષ્ટ્રપ્રેમ અને સમાજસેવાનો વિચાર ઝબક્યો. ગુરૂજીને પૂછ્યું, - મહારાજ! હું યોગ વિદ્યામાં તો આપની કૃપાથી પારંગત થઈ ગયો છું, એના દ્વારા ચમત્કારો અને સિધ્ધિઓ પણ મેં અનુભવી છે પણ એના દ્વારા દેશોત્થાન કે રાષ્ટ્રસેવા **કેવી રીતે થઇ શકે?**

ગુરૂજી કહે, બેટા મેં તો માત્ર યોગ વિદ્યાનો જ વિચાર કર્યો છે એના દ્વારા રાષ્ટ્રસેવા પણ થઇ શકે એવો તો મેં વિચાર જ કર્યો નથી, અને બેટા હું તો એમ માનું છું, 'રામની દુનિયા છે, રામ જાણે!'

**કેદારનાથ ઉઠ્યા અને જતાં જતાં કહેતા ગયા જે સાધના કે સિધ્ધિ - સમાજપયોગી ન હોય** તેની પાછળ પડવાનો કોઇ અર્થ નથી. એ ફરી સમાજમાં, ઘેર આવ્યા અને લોકસેવામાં જોડાયા.

# વર્ષો વીતી ગયા... એવી શરદી થઈ જ નથી, ને થાય ત્યારે પડેલો મેંથીપાક યાદ આવી જાય છે, મને અને મારા નાકને... સાવ સાચું, તમારા સમ

## ધૂપસળી ધૂણાવે આકાશ
### નાક સાફ કરવાની કળા...
### (હાસ્ય લેખ)

- ગિરા પિનાકીન ભટ્ટ

દાદુ... નાક સાફ કરવાની પણ કળા હોય છે... હા..ક્...છી... એ...એ... પૈસા પડી ગયા. સાલુ છીંકતા રૂમાલ આડો ન રાખ્યો... કે રામ જાણે... નાક સાફ કરતાં ના આવડ્યું, પણ... બેઠેલાં બધા ચોપડાવવા લાગ્યા. મારે પાછું એમ કહેવાનું કે... શું ચોપાડાવ્યું? કેવું ચોપડાવ્યું? કેટલું ચોપડાવ્યું? કોણે ચોપડાવ્યું? કોને...? બસ કરો. મારાં વ્હાલાંને બીજા કોઇ વાતમાં રસ જ નથી. 'બસ, ચોપાડવ્યું?' એ વાતમાં જ રસ.

આ પ્રશ્નોની ઝડી વરસાવનારાંઓને કેમ જાણે... શરદી જ નહીં થતી હોય! જન્મ્યા ત્યારથી આજ'દિ સુધી શરદી નામની બલાને જાણે ચોપળતા ના હોય એમ. જાવા ધોને... પેલો રમણ ખીસામાં નેપકિન રાખે છે. એ પણ સાવ ભીનો હોય... છતાંય.. શરદી... ના... ના... નથી થઇ, બસ એનો મણકો ફેરવ્યા કરે. નાક તો ફૂલીને ટેટા જેવું થઇ ગયું હોય. વળી, પેલો કોલેજિયન... પોતાની જાતને ઋત્વિક રોશન સમજે છે. યે... નાનું સરખું ગાભું કે રૂમાલ કંઇ જ ન મળ્યો હોય અને પેલી.... વિદ્યા બાલનની લાલ ચટ્ટાક સાડીથી નાક લૂછી આવ્યો હોય એમ લાલચોળ નાક... કે વાત ના પૂછો... અને છતાં... ના ભઇ ના, શરદી, અને મને...?

જાવ... સાલ્લાં બધાં જ જહન્નમાં. આ શું માંડ્યું છે પ્રશ્નો - પ્રશ્નો ને પ્રશ્નો. નાક સાફ કરવાની કળા શીખવું ત્યાં તો... પ્રશ્નો જ મારે તેય પાછા આડેધડ, તીરની પેઠે જ. શું ખબર, અર્જુનના ભાથામાંથી બાણ ખૂટે પણ આ પ્રશ્નોના તીર... એક સાંધે ત્યાં તેર તૂટે... એ કહેવતને ફેરવી પણ નાખી. 'એકનો જવાબ રાખું... સાલું ઇકોતેર પ્રશ્નો સજીવન થઇ જાય...'



ભાડમાં ગયા સઘળાં પ્રશ્નો. બાકી નાક સાફ કરવાની એક ચોક્કસ કળા છે... ચાલો થઇ જાય તૈયાર... હા... ક્... છી. કોઇના લગ્નમાં, રિશેપ્શનમાં કે સારા પ્રસંગે ગયા હોઇએ ને ત્યાં... શરદી લગ્નમાં, રિસેપ્શનમાં કે સારા પ્રસંગે ગયા હોઇએ ને ત્યાં... સરદી થાય કે થઇ જાય તો... ગભરાવાનું જ નહીં, એક પછી એક બધાંને મળતાં રહેવાનું, વ્હાલથી વળગી પડવાનું, નાનાં બાળકોની પેઠે... નાક ઘસી બંધા છૂટ્ટા... એનો કિંમતી ડ્રેસ, દુપટ્ટો, સાડી કે XYZ ધોવો હોય તો ધૂવે, કે પછી લોન્ડ્રીમાં આપે, તમારા બાપનું કંઇ જાય છે... છોડોને ચિંતા...

કોઇના બેસણામાં ગયા હોઇએ તો... તો... ખાસ વાંધો ન આવે. રડતા હોઇએ ત્યારે... આંસુ સાથે સાથે નાકે રૂમાલ ઘસી નાખવાનો. આખરે, સારા સંબંધો છે આંખોને નાક સાથે. બંને આંખો પાસે તો નાકનું મૂળ છે. એટલે લાંબુ વિચારવાનું જ નહીં. અને અઘરો કોયડો સાવ સામાન્ય રીતે હલ થઇ જાય. ચિંતા પછી શું કામ...?

વાત પછી આવી જમણવારની. મોં માં લાળ આવી ગઇ ને! પણ... જમવા ટાણે કોઇ કલા કામે લાગતી નથી. પૂરી સાથે આપણે ખાવો હોય રસ, ઉંધીયું, બાસુંદી કે બટેટાનું શાક. પણ... આ નાક તે ટાણે જ કળા બતાવે. સમજે જ નહીં. બસ, એવું તો એકે જ રટણ. પૂરી સાથે તો શિખંડ જ ખવાય... ઘચરાં નહીં તો... એવું કહી પરાણે આપણા મોં માં એ સ્વાદ, એ લિજ્જત પહોંચાડીને જ રહે. સાલ્લુ... શિખંડ ન ખાવો હોય તો પણ છુટકો છે...? એક... એક... એમ કરતાં બધી કળાઓ પસંદ પડી, પણ... આ શિખંડ-પૂરી... ગરમીમાં ચાલે...પણ ચોમાસામાં ને શિયાળામાં અરે! ભલા ભાઇ, આ સિઝનમાં શિખંડ પૂરી...?... અમારે તો બારેમાસ બસ શિખંડ પુરી જ છે.

ડીશ હાથમાં લીધી હોય, અવનવી વાનગીઓ અંદર બેઠી - બેઠી લલચાવતી હોય, પણ આપણાથી ના તો બોલાય, ના કશું કહેવાય, અને ખરાં ટાણે જ નાક આવરૂં લે... પેલી તાંદૂરી રોટી જયાં શેકાતી હોયને ત્યાં જઇ ગરમા-ગરમ અંગારો નાક ઉપર મૂકવાનું મન થઇ આવે, નાકને ડામ દેવા તત્પર બની જઇએ... પણ નવરાં... નાક જેવું કોણ થાય? આખરે તો 'ક્ષમા વીરસ્ય ભૂષણમ્ ।' સમજી યથાયોગ્ય પધ્ધતિ અપનાવવી.

હવે... હાથ રૂમાલ, ટીશ્યુ પેપર, નેપકીન, કશુંય હવે ગાંઠે એમ નથ. એક આખી ચાદર જ રાખવી પડે. નાનાં બાળકોને તો લાળિયું ભરાવાય, એમ શરદીવાળાને કળા દેખાડવાની છૂટ ખરી કે નહીં...? જો એવી છૂટ મળે ને તો... રેલગાડીના ડબ્બા પેઠે રોડાગાડી જાય દોડી... ઊભા પાટે. છૂક... છૂક... નહીં, 'સુ... સુ... સુ... છીક' ચાલુ ગાંઠતું જ નથ. બેશરમીની પણ કોઇ હદ હોય. સઘળી શરમ વટાવી દે છે આ શરદી.

નાક સાફ કરવાની કળા વિષે વિચારતો હતો ત્યાં જ... હદ વટાવી નાકે. કળા જાય ભાડમાં, ડાબા નસકોરાં ઉપર બે આંગળી ને જમણાં નસકોરા પર અંગુઠો... પછી તો ભારે પ્રીત કરી બેઠા હો ભાઇ. આંડુ-અવળું જોવાનો ય ચાન્સ જ ન લેવાય. સમય જ ન હોય, પછી તો... ન થવાનું થઇ ગયું. અંદર ભરાઇ રહેવું. સઘળું મટીરીયલ સુ... સ્ સ્ સ્... કરતું આવી પહોંચ્યું. અને પેલી સાવંતના ડ્રેસ ઉપર સીધો જ સ્પ્રે... (વર્લ્ડ મશહૂર લીંટ કંપનીનો જ સ્તો!)

માડી રે... મરી ગયો... બસ, તે પછી થઇ જ નથ. ને થાય ત્યારે દી'. વર્ષો વીતી ગયા... એવી શરદી થઇ જ નથી. ને થાય ત્યારે પડેલો મેંથીપાક યાદ આવી જાય છે, મને અને મારા નાકને... સાવ સાચું, તમારા સમ. તે પછીથી એક ફોટો રાખીને મારા પોકેટમાં મુકી રાખ્યો છે... આંખો એનો ફોટો જોઇને નાકને કંઇક કહી દે છે. શું કહે છે તે રામ જાણે... છાનું - માનું... ચૂપ-ચાપ. નાક સઘળી લીલા સંકેલી લે. મને સત્ય પણ સમજાઇ ગયું, નાક અના આંખોને ઘર જેવા સંબંધો છે. કાયમી પાડોશી છે યાર? ભીંડા જેવું નાક નડે તોય આંખો શું કરે? નાક નિતરતું હોય ત્યારે... આંખોય બિચારી આંસુ વહાવે છે... એમ કાંઇ નાકમાંથી લીંટ કાઢીએ એમ... આંખો નાકને આખે-આખું ઓછું કાઢી નાખે? હશે હવે જેના જેવા ભાગ્ય.

પણ... દોસી, છેલ્લે અજમાવવા જેવી એક આખરી ટીપ્સ તો આપીને જ રહીશ. નાકની કલાને રોકવા માટે વાપરો એક અને એક માત્ર રાખી ચૂરણ.

# તબીબી કાર્ય વચ્ચે શબ્દ ઉપાસના, સેવા પણ કરતા ડો. પ્રકાશ શેઠ

## મોંઘેરા મોતી
- નટવર આહલપરા

રાજકોટની જન્મભૂમિ અને કર્મભૂમિમાં ઘણાં ઉત્તમ રત્નોએ જન્મ લીધો છે. એમાંના એક ડો. પ્રકાશ શેઠ છે. સેવા અને સમર્પણના જીવનમંત્રને સાર્થક કરનાર, એક ડોકટર- તબીબ, ચિકિત્સક તરીકે સૌરાષ્ટ્રનું એક જાણીતું પ્રતિષ્ઠિત અને પ્રતિભાવંત નામ છે. તેમના અનેક વ્યક્તિત્વના પાસા પણ ખરેખર જાણવા અને માણવા જેવા છે. એક ડોકટર તરીકે પ્રામાણિક અને પ્રેમાળ વ્યક્તિ તરીકે હજારો જૂના અને નવા રોગીઓ બધા જ તેમનું ખૂબ આદર સાથે લે છે, એ તેની સાબિતી છે.

જીવનની અતિ વિકટતમ પરિસ્થિતિમાં પણ પ્રેમ અને પ્રામાણિકતા અને માનવીય સંવેદનાઓને જીવંત તથા ધબકતી રાખનાર ડોકટર બીજાઓથી ખરેખર નિરાળા છે. એમ તેના ડોકટર મિત્રો પણ કહે છે. તેઓ પૈસા નથી કમાણા પણ પ્રેમ ખૂબ કમાણા છે. પ્રેમથી પેટ ભરાતું નથી.-એમ જ્યારે બીજા લોકો કહે છે. તો ત્યારે ડો. શેઠ કહે છે, એ વાત સાચી. પણ પ્રેમથી મન ભરાય છે. પ્રેમથી મન પુલકિત થાય છે એવા પ્રેમ પીયુષ પીધેલા મનને બીજા કશાથી જરૂર પણ નથી. પ્રેમએ જીવનની અગત્યની ઘટના છે.

પ્રેમનો પ્રગાઢ અનુભવ એ જ સેકસ છે. ડો. પ્રકાશ શેઠ સેકસને એ રીતે સમજાવતા- સેકસના અનેક વણ ખુલ્યા - રહસ્યમય અને અજાણ પાનાઓ ખોલીને સેકસને પ્રાર્થના જેટલું પવિત્ર અને મહાન અંગ જીવનનું ગણાવે છે. ગુજરાતના અગ્રગણ્ય સેકસોલોજીસ્ટ તરીકે નામના કરનાર શ્રી શેઠે સેકસના વિષય પર અત્યારે સુધીમાં લગભગ ૨૫ પુસ્તકો અંક અને મહારાષ્ટ્રમાં ઉપલબ્ધ છે. સેકસના ક્ષેત્રમાં વૈજ્ઞાનિક



વલણથી તેમણે અનેક સંશોધનો કર્યા છે અને તેના પુસ્તકો લોકોમાં ખૂબ જ ઉપયોગી અને લોકપ્રિય થયા છે.

વર્તમાનપત્રો, મેગેઝીનો વગેરેમાં કટાર - લેખોથી પણ ગુજરાતની જનતા ડો. પ્રકાશ શેઠને ખૂબ ઓળખે છે. કવિતા, વાર્તા, સેકસ ટોપીક્સભર કવિ- લેખક, ડો. શેઠના કાર્યક્રમો આકાશવાણીના લખનઉ, દિલ્હી, હવામહેલ વિવિધ ભારતી, મુંબઈ, રાજકોટ, અમદાવાદ, વડોદરા અને કચ્છ કેન્દ્ર પરથી છેલ્લા ૪૪ વર્ષમાં અનેકવાર પ્રસારીત થતા રહ્યા છે. ટીવી પરના તેમના કાર્યક્રમો પણ લોકચાહના મેળવી ચૂક્યા છે. અધ્યાત્મ અને જ્યોતિષ પણ ડો. પ્રકાશ શેઠના ગમતા અને સતત તેના મનમાં રમતા વિષયો છે.

અધ્યાત્મએ જીવનનો જ એક ભાગ છે અને જીવનએ મોક્ષનો - એમ સમજાવીને તેમણે લખેલ અધાત્મ ગગનમાં ૧૪૫૦ પાનાનાં પુસ્તકમાંએ બાબતને વિસ્તારથી વર્ણવીને સમજાવેલી છે. જે પુસ્તક કે જેના હયતારૂપે લગભગ ૨૨ વર્ષ સુધી 'કિસ્મત' જેવા પ્રતિષ્ઠિત- માતબાર મેગેઝીનમાં છપાયેલા લેખો લોકોએ માણ્યા છે. જેનો પ્રથમ ભાગ પ્રવિણ પ્રકાશને બહાર પાડેલા અને એવા બીજા લગભગ બાર ભાગનું પુસ્તક તેની વિશાળતા તરફ અગ્રેસર છે. અધ્યાત્મ અંગેના ડો. શેઠના જ્ઞાન અને લખાણ વિશે મુંબઈનાં ખ્યાતનામ વૈદરાજશ્રી ચંદ્રશેખર ઠક્કુર કે જેઓ કિસ્મતના તંત્રી હતા. તેઓ જણાવે છે કે, 'કિસ્મતમાં ડો. પ્રકાશ શેઠ અધ્યાત્મ વિશે જે લખે છે. તે ખરેખર અદ્‌ભુત છે.' આમ, અધ્યાત્મના જ્ઞાન-રસ અને અનુભવોથી ડો. પ્રકાશ શેઠ એક વિલક્ષણ વ્યક્તિત્વ છે.

'કિસ્મત' મેગેઝીન એક સમયે 'ઉત્તમ ફળાદેશના ગૂઢ રહસ્યો'- આ જ્યોતિષ શ્રેણીએ ગુજરાતભરમાં સામાન્યથી માંડી જ્યોતિષીઓમાં પણ ખૂબ જ ઉત્તેજના અને ઉત્કંઠા જગાવેલી. તે જ્યોતિષ શ્રેણીના સંશોધન અને લેખક ડો. પ્રકાશ શેઠ છે. જે શ્રેણી હવે 'જ્યોતિષ દર્શન'નામના પુસ્તક રૂપે હાલમાં પ્રકાશિત થઈ રહી છે.

કવિતાના ત્રણ ગ્રંથો પણ તેમણે લખેલ છે.

શરૂઆતમાં ઈરવીન હોસ્પિટલ - જામનગરમાં લી.એમ.ઓ. તરીકે નોકરી કરી. પછી છેલ્લા ચાલીસેક વર્ષથી તેઓ ડોકટર- સેકસોલોજીસ્ટ તરીકે સેવા કરી રહ્યા છે. છેલ્લા ૨૦ વર્ષથી ભારતભરમાં માત્ર ડો. પ્રકાશ શેઠ ફ્રી જાતિય રોગ નિદાન કેમ્પ અને તેવા કેમ્પો નિયમિત રીતે કરે છે. એ રીતે સમાજસેવા પણ નોંધનીય છે.


ડો. પ્રકાશ શેઠ કહે છે કે, 'પ્રેમ અને પ્રામાણિકતા મારૂં જીવન છે પુસ્તકો મારા મિત્રો છે અને લેખન અને અધ્યયનએ મારૂં ઈંજન છે. મારા વિષયો (કવિતા, વાર્તા, જ્યોતિષ વગેરે)એ મારો શ્વાસ છે.' શિવશંકર પરમાત્માની અસીમકૃપા રૂપ જીવનને તેઓ ધન્ય ગણે છે અને તેને ધન્ય બનાવવાના શક્ય તમામ પ્રયત્નો પણ કરે છે.

**તેમના મોબાઈલ નંબર છે : ૯૮૯૮૦૭૯૫૭૭**


## આજના દિવસનો મહિમા

- ભાનુપ્રસાદ એસ. દવે

**૯મી ઓક્ટોબર**



- શ્રીલંકામાં બૌધ્ધ ધર્મના વ્યાખ્યાનોને કારણે વિશ્વભરમાં જાણીતા એવા પ્રો. ધર્માનંદ કોસંબીનો જન્મ ૯-૧૦-૧૮૭૬. આઝાદીની ચળવળમાં જોડાયા, ગુજરાત વિદ્યાપીઠ કલકત્તાની ભાષાંતરકાર તરીકે કાર્ય કર્યું. બૌધ્ધ ધર્મનો પરિચય, ભગવાન બુધ્ધના ધર્મસંવાદ, સમાધિમાર્ગ, ધમ્મપદ, બૌધિ જર્યાવતાર વગેરે ગ્રંથો લખ્યા.
- ૧૯૬૨ - યુગાન્ડાનો સ્વાતંત્ર્ય દિન.
- ૧૯૨૪માં - ગાંધીજીએ ૨૧ દિવસના ઉપવાસ પુરા કરી, 'હિન્દુસ્તાન'ના તમામ ભાઇબહેનોને સાથ આપવા પ્રાર્થના કરી.



- ૧૯૩૭ - અણુવિજ્ઞાની રૂધર ફોર્ડનું અવસાન.
- ૧૯૭૬માં મુંબઇ અને લંડન વચ્ચે લાંબી આંતરરાષ્ટ્રીય સીધી ટેલીફોન લાઇન ચાલુ થઇ.
- આજથી રાષ્ટ્રીય ટપાલ સપ્તાહ ઉજવાય છે. આજે વિશ્વ ટપાલ દિન.

# તું તો મત કહ બૂરા હમે, એ દુનિયા! તૂને ઢાલા હૈ ઔર હમ હૈ ઢલે...

## વિચાર યાત્રા
- જય ઓઝા

**આપણે સારા બનવાનો પ્રયત્ન કરીએ છીએ, છતાં આ જગત આપણને શીખવે છે કે ના આ દંભી દુનિયામાં રહેવું હશે તો કપટ કર્યા વગર ચાલશે નહીં. ડબલ ઢોલકીપણું અહીં ફરજિયાત બની ગયું છે.**

**સીધા રસ્તે સિધ્ધાંતોનો ટોપલો ઉપાડીને ચાલવાનું શરૂ કરીએ છીએ પણ સમય અને સંજોગો જ આપણને એ ટોપલો જલ્દીમાં જલ્દી દૂર ફગાવી દેવાનું સૂચવે છે. અને હવે તો બે અલગ અલગ જગ્યાએ અલગ અલગ વાત કરવાની પધ્ધતિ જૂની થઇ ગઇ છે, બધે જ બધું અલગ. બધા લોકો એકબીજાને દાબમાં લેવા તૈયાર બેઠાં છે, એકબીજા પર હાવી થઇ જવાની પેરવી કરવામાં વ્યસ્ત છે. આવા સંજોગોમાં આપણે સિધ્ધાંતોનું પૂછડું પકડીએ તો મૂરખામાં ખપીએ છીએ.**

**લોકો એટલા બનાવટી થઇ ગયા છે કે, તમારે સારા રહેવા માટે પણ થોડા ખરાબ બનવું પડે છે. નિખાલસતા મારી નાખે છે, પળે પળે સામેવાળાના મનને વાંચીને એ આપણને બાટલીમાં ઉતારે એ પહેલાં એને ઉતારી દેવો જરૂરી છે, આજે કોઇ પણ જગ્યાએ સ્વસ્થ હરિફાઇ રહી નથી... બીજાથી આગળ જવું હોય તો બીજાની લીટી ભૂંસ્યા વગર આપણી લીટી મોટી કરી દઇએ એ જમાના ગયા.**

**અને દુશ્મનીની મજા પણ ત્યારે જ છે, જયારે દુશ્મન દાનો હોય... અહીં તો સામે લડવાવાળા જ છીંછરા થઇ ગયા છે, અને આથી જ આ દુનિયાના લોકો સાથે બાથ ભીંડવા એના જેવું જ બનવું પડતું હોય છે...**

**જાવેદ અખ્તરનો એક શેર યાદ આવે છે -**

**તું તો મત કહ હમેં બૂરા, દુનિયા!**
**તૂને ઢાલા હૈ ઔર હમ ઢલે હૈ**

**શઠં પ્રતિ શાઠ્યં, અને TIT FOR TAT નાં આ યુગમાં સિધ્ધાંતોની પિપુડી વગાડવામાં ભલાઇ નથી, ખરી વાત તો એ છે કે, સત્યને ટકાવી રાખવા માટે પણ અસત્યનો આશરો લેવો પડે તેમ છે.**

**આ યુગ કૃષ્ણનો છે, રામનો નથી. કૃષ્ણએ જે બાંધછોડ કરીને ધર્મનો જય કરાવ્યો હતો તે આવશ્યક છે. કૃષ્ણ જેવો ફ્લેકસીબલ નેચર રાખવો પડશે, સમય એ રણછોડ બનવાનું, અને સમય આવે 'નરો વા કુંજરો વા' પણ કરવાનું અને કરાવવાનું.**

**જેમ મીઠાઇ પર ચાંદીનો વરખ હોય તો, મીઠાઇ સુંદર લાગે અને તરત ખાવાનું મન થાય છે, તેમ સત્યની ઉપર અસત્યનો વરખ લગાવવો જરૂરી છે, ત્યારે જ લોકોને આપણું સત્ય આપણી વાતો સમજાશે.**

**દુનિયા તમને જેવા બનાવવા માગે છે, તેવા બનાવીને જ છોડે છે. તેની સામે બળવો પોકારવા જઇએ તો ઘઉંમાં કાળી કાંકરીની જેમ ફેંકાઇ જવું પડે છે, પણ જે ઘઉં જેવા જ આકાર અને તેના જેવા જ રંગની કાંકરી હશે તો સાથે દળાઇ જશે. અસ્તિત્વ ભળી જશે... પરંતુ અલગ દેખાવું ગુનો છે, દેખ્યાનું ઝેર છે. ચોખામાં સફેદ કાંકરા અને દાળમાં પીળાં કાંકરાની જેમ સમાજમાં આવા ઘણાં કાંકરા દળાઇ જાય છે અને ભોજ્ય પણ બને છે.**

**આ દુનિયામાં અસ્તિત્વ ટકાવી રાખવા માટે આપણને ન ગમવા છતાં અવનવાં પ્લોટ ઘડવા પડે છે, સ્કીમ કરવી પડે છે, આ દુનિયાના રંગમંચ ઉપર આપણે ક્યારેક રામ તો ક્યારેક રાવણ બનીએ છીએ, ક્યારેક ધૃતરાષ્ટ્ર જેવા અંધ બનીને બીજાના સૂરમાં સૂર પુરીએ છીએ, ભીષ્મની જેમ ચૂપ-ચાપ સહનશીલ બની ખેલ જોયે રાખવાનો પાઠ પણ ભજવીએ છીએ... આપણે વર્સેટાઇલ એક્ટર છીએ... દુનિયાના આ ચલચિત્રમાં આપણે જ હીરો, આપણે જ વિલન અને આપણે જ કોમેડિયન છીએ.**

**પણ સતત આવી એક્ટિંગ કરવાથી થાક લાગતો હોય છે, માનસિક રીતે થાકી જવાય છે, 'જેવા સાથે તેવા' નો ખેલ આપણને થકવી દેતો હોય છે. કારણ કે, મૂળભૂત રીતે આપણો સ્વભાવ જેવા સાથે તેવા બનવાનો નથી, પણ કરવું પડે છે. આ માનસિક તાણ પરેશાન કરી દે છે.**

**શા માટે એક વ્યક્તિ કે જેને પોતાનું કામ પોતાની રીતે કરીને ચાલતાં રહેવું હોય, તેમને એમ નહીં કરવા દેવાતું હોય? ફરજિયાત પણે દંભ અને કપટના પાઠ શીખવા પડતા હશે? પોતાની ક્રિએટીવીટી અને બૌધ્ધિક શક્તિને સામેવાળા કપટી સામે કપટી થવામાં ખર્ચી નાખવી પડે છે. પહેલાં તો એકાંતમાં અરીસા સામે જેવા હતા તેવા દેખાઇ શકા હતા... હવે તો આપણું વાસ્તવિક સ્વરૂપ જ દેખાતું બંધ થઇ ગયુ છે...**

**દંભી અને કપટી દુનિયામાં જીવતા - જીવતા, 'જેવા સાથે તેવા' બનતાં બનતાં આપણામાનું વાસ્તવ સ્વરૂપ જ ધુમાડો બનીને ઉડી તો નથી રહ્યું ને!**